દાખલ તારીખ : ૧૩.૦૬.૨૦૦૭
નોંધ્યા તારીખ : ૧૩.૦૬.૨૦૦૭
ફેંસલ તારીખ : ૨૮.૧૧.૨૦૧૮
સમય મર્યાદા : વર્ષ માસ દિવસ

<u>હિંમતનગરના મે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબની</u>

<u>અદાલતમાં, મુકામ : હિંમતનગર.</u>

(ગૃપ એલ.એ.કયુ. કેસ નંબર ૩૯/૨૦૦૭, એલ.એ.કયુ. કેસ નંબર ૧ /૨૦૧૮, એલ.એ.કયુ. કેસ નંબર ૨/૨૦૧૮)

<u>મેઈન લેન્ડ રેફરન્સ કેસ નં.૩૯/૨૦૦૭</u>

આંક :

અરજદાર : વિશ્રવમંગલમ શારદા ગ્રામ,
હાલનું સરનામું :– ૭/બી પન્નાપાર્ક, મહાવીરનગર,
હિંમતનગર, તા.હિંમતનગર, જી. સાબરકાંઠાના
સાર્વજનીક ટ્રસ્ટના નિયામક
શ્રી પટેલ ડાહયાભાઈ લીલાભાઈ, ઉ.આ.વ.૬૧,
ધર્મ–હિન્દુ, ધંધો– કેળવણીકાર, રહે– ૭/બી,
પન્નાપાર્ક, હિંમતનગર, જી.સાબરકાંઠા

<u>લેન્ડ રેફરન્સ કેસ નં.૧/૨૦૧૮</u>

અરજદારો : (૧) શેરબાનુ ગુલામનબી વડાલીવાલા,
ઉ.આ.વ. પુખ્ત, ધંધો : ઘરકામ,
(૨) મોહંમદ યાસીન ગુલામનબી વડાલીવાલા,

ઉ.આ.વ. પુખ્ત, ધંધો : વેપાર

(૩) મોહંમદ ઈરફાન ગુલામનબી વડાલીવાલા,

ઉ.આ.વ. પુખ્ત, ધંધો : વેપાર

(૪) ઝાહીરાબેગમ ગુલામનબી વડાલીવાલા,

ઉ.આ.વ. પુખ્ત, ધંધો : ઘરકામ,

(૫) ફાતમાખાતુન ગુલામનબી વડાલીવાલા,

ઉ.આ.વ. પુખ્ત, ધંધો : ઘરકામ,

(૬) હાજરાબીબી ગુલામનબી વડાલીવાલા,

ઉ.આ.વ. પુખ્ત, ધંધો : ઘરકામ,

બધા રહેવાસી : પોલો ગ્રાઉન્ડ,

મુ. તા. હિમ્મતનગર, જિ. સાબરકાંઠા.

<u>લેન્ડ રેફરન્સ કેસ નં.૨/૨૦૧૮</u>

અરજદાર : વલીભાઈ અમદાભાઈ પટેલ

ઉ.આ.વ. પુખ્ત, ધંધો : ખેતી,

રહેવાસી : પોલો ગ્રાઉન્ડ,

<u>**વિરુધ્ધ.**</u>

સામાવાળા : ૦૧. શ્રી સરકાર, ગુજરાત રાજયનો, સમન્સ

મહે. કલેકટર સાહેબ, સાબરકાંઠા જીલ્લા

હિંમતનગરના સરનામે બજાવવો

૦૨. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય)

હિંમતનગર, સબજેલ સામે, હિંમતનગર,

જી.સાબરકાંઠા

જમીન સંપાદન ધારાની કલમ ૧૮ મુજબ રેફરન્સ

વકીલશ્રીઓ :

અરજદાર તરફે વિ. વ. શ્રી કે.આર.મનસુરી,વિ.વ.શ્રી વાય.એ.ચાંદનીવાલા

સામાવાળાઓ તરફે સરકારી વકીલ શ્રી એ. જે. પટેલ

:: સંયુકત ઠરાવ ::

૦૧. આ કામે અરજદારોની મોજે મોતીપુરા વિસ્તાર, તા. હિંમતનગર, જી. સાબરકાંઠાની બિનખેતીની જમીન આવેલી છે. જે જમીન હિંમતનગર–કાટવાડ રોડના જંકસનના સુધારા માટેના જાહેર હેતુ માટે સંપાદન કરવાની જરૂરીયાત ઉપસ્થિત થતા આ કામે દરખાસ્ત કરતા મે. કલેકટરશ્રી, સાબરકાંઠાના પત્ર ક્રમાંક નંબર જ.સ./વશી /૧ ૦૮૪/રજી.નં.૩૦૯૦/૨૦૦૩ તારીખ ૨૨.૧૦.૨૦૦૩ થી અરજદારોની ખાનગી માલીકીની જમીન ઉપરોકત હેતુ માટે સંપાદન કરવા નાયબ કલેકટર ને આગળની કાર્યવાહી અર્થે સોપવામાં આવેલ જેથી નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીએ **કલમ ૪** મુજબનુ જાહેરનામું તારીખ ૩૧.૦૫.૨૦૦૪ ના રોજ અસાધારણ રાજય પત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ તથા ગામના સ્થળે તારીખ ૨૭.૦૫.૨૦૦૪ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ ત્યારબાદ **કલમ ૬** નું જાહેરનામુ તારીખ ૨૮.૦૨.૨૦૦૫ ના રોજ ગામ સ્થળે

પ્રસિધ્ધ કરવામાં આવેલ આ સંપાદન હિંમતનગર બાયપાસ રોડ ઉપર હિંમતનગર – કાટવાડ રોડના જંકશન સુધારણા માટે કાયમી ધોરણે જાહેર હેતુ માટે ફરજીયાતપણે કરવાનું હતું. ત્યારબાદ હીત ધરાવનાર અરજદારોને કલમ–૯ મુજબની નોટીસ આપવામાં આવેલ જેની સુનવણી તારીખ ૨૦.૦૫.૨૦૦૫ ના રોજ ખાસજમીન સંપાદન અધિકારીની કચેરી ખાતે રાખવામાં આવેલી. આ સુનાવણી મુદતે હીત સબંધ ધરાવનાર ઈસમો હાજર રહયા હતા જેમાં હાજર રહેલા સખ્સોના જવાબો લેતા દર ચોરસ મીટરે રૂા.૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરા પ્રમાણે વળતરની માંગણી કરેલ. પરંતુ માંગણીના સમર્થનમાં કોઈ લેખીત કે મૌખિક દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નહીં. ત્યારબાદ જમીન સંપાદન અધિકારીએ તેઓનો એવોર્ડ જાહેર કરેલ અને સંપાદીત થતી જમીનને પ્રતિ ચોરસ મીટરે રૂા.૩૦/– અંકે રૂપિયા ત્રીસ પુરા આપેલ તથા ઠરાવેલ રકમ ઉપર નિયમ મુજબ મળવાપાત્ર ભાવ વધારો તેમજ લાભ ચુકવવા હુકમ કરેલ. આ કામના અરજદારે વધુમાં એ મતલબની રજુઆત કરેલ છે કે જમીન સંપાદન ધારાની કલમ ૧૧ અન્વયેના એવોર્ડની અરજદારદોને કોઈ પણ પ્રકારની જાણ કરવામાં આવેલ નથી અને એવોર્ડ જાહેર કર્યો ત્યારે હાજર ન હતા અને તા.૧૨/૦૪/૨૦૦૭ ના રોજ એવોર્ડની રકમ ચુકવવાની જાણ તેઓને તા.૧૦/૦૪/૨૦૦૭ ના

રોજ કરવામાં આવેલી.અને આ રીતે તેઓ તા.૧૨/૦૪/૨૦૦૭ ના રોજ એવોર્ડની રકમ લેવા સામાવાળાની કચેરીએ હાજર થયા ત્યારે તેઓને એવોર્ડની જાણ થયેલ.

૦૨. ખાસ જમીન સંપાદન અધિકારી, સાબરકાંઠા-હિંમતનગરના એવોર્ડથી અરજદારોને સંતોષ ન થતા અને તેઓ આ એવોર્ડથી નારાજ હોય જમીન સંપાદન અધિનિયમની કલમ ૧૮ મુજબ હાલની એલ.એ.આર. નંબર ૩૯/૨૦૦૭ તેમજ એલ.એ.આર નં. ૦૧/૨૦૧૮ તથા એલ.એ.આર નં. ૦૨/૨૦૧૮ રેફરન્સ અરજીઓ કરેલ છે અને તેઓની અરજીમાં જણાવેલ છે કે, ખાસ જમીન સંપાદન અધિકારી, હિંમતનગરનાઓએ વળતર અધુરૂ, ઓછું અને બીજી હકીકતોને ધ્યાનમાં લીધા સિવાય આપેલ છે. અરજદારોની સંપાદીત થયેલ જમીન જીલ્લા મથક પર આવેલી છે. જે નેશનલ હાઈવે રોડને જોડતા જંકશન પર આવેલી છે અને અરજદારોની સંપાદીત થતી જમીન સંપુર્ણ સંપાદીત થતી ન હોઈ અને બાંધકામવાળી હોવાથી બાકી રહેતી જમીનના બાંધકામનો વિસ્તાર ઘણો જ ઓછો થઈ જાય છે. અરજદારોની જમીન ઘણી જ મોકાની વિકસીત એરીયામાં આવેલ છે જેમાં બજાર ભાવ એક પ્રતિ ચો. મી.એ રૂા. ૬,૦૦૦/- અંકે રૂપિયા છ હજાર પુરા પ્રમાણે હોવા છતાં બજાર ભાવ ધ્યાને લીધેલ

નથી. અરજીમાં માગ્યા મુજબ બજાર કિંમતની માંગણી કરેલ છે.

૦૩. અરજદારોએ હાલની રેફરન્સ અરજી હિંમતનગરના મે. ડેપ્યુટી કલેકટર સાહેબ અને ખાસ જમીન સંપાદન અધિકારી સમક્ષ કરતા તે અરજી મે. ડેપ્યુટી કલેકટર સાહેબ અને ખાસ જમીન સંપાદન અધિકારીએ મે. ડીસ્ટ્રીકટ જજ સાહેબ, સાબરકાંઠા–હિંમતનગરને મોકલી આપેલ. જે રેફરન્સ અરજીઓ એલ.એ.આર. નંબર ૩૯/૨૦૦૭ થી નોંધવામા આવેલ ત્યારબાદ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ આ કામે કરવામા આવેલ અન્ય અરજદારોની અસલ રેફરન્સ અરજીઓ મળી આવતા તા.૧૦/૧/૨૦૧૮ ના રોજ પત્ર નં.એલ.એ.કયુ/વશી/૩૦/૨૦૧૮ થી અત્રેની કોર્ટમા મોકલી આપતા એલ.એ.આર નં. ૦૧/૨૦૧૮ તથા એલ.એ.આર નં. ૦૨/૧૮ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ, એલ.એ.આર. કેસ નંબર ૩૯/૨૦૦૭ માં આંક ૫૮ થી તમામ એલ.એ.આર. કેસમાં કોન્સોલીડેટ પુરાવો લેવા માટે અરજી કરતા સદર અરજી મંજુર થતા એલ.એ.આર. કેસ નંબર ૩૯/૨૦૦૭ માં સંયુકત પુરાવો લેવાનો હુકમ કરવામાં આવેલો.

૦૪. સામાવાળા વિરૂધ્ધ નોટીસ કરતા સામાવાળા તરફે વ્યાજબી તક આપવા છતાં અરજદારોની હાલની અરજી સામે વાંધા રજુ કરેલ ન હોય તેઓનો વાંધા / જવાબ રજુ કરવાનો હકક તારીખ ૦૮.૦૪.૨૦૦૯ ના રોજ

બંધ કરવામાં આવેલ છે.

૦૫. આ કામે **એલ.એ.આર કેસ નંબર ૩૯/૦૭** મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ આંક–૧૨ થી નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત કરેલ છે.

:: મુદ્દા ::

01. Whether the claimants proved that the award passed by Opponent is insufficient & entitled for getting additional compensation?
02. What Order?

૦૬. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) અંશત: હકારમાં

૨) આખરી હુકમ મુજબ

૦૭. આ કામે **એલ.એ.આર કેસ નંબર ૦૧/૨૦૧૮** મા આંક–૧૦ થી નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત કરેલ છે.

:: મુદ્દા ::

01. Whether the claimants proved that the award passed by Opponent is insufficient ?
02. Whether the claimants proved that they are entitled to get additional Compensation ?

03. Whether the Applicants are within limitation?

04. What Order?

૦૮. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારમાં

૨) અંશત: હકારમાં

૩) હકારમાં

૪) આખરી હુકમ મુજબ

૦૯. આ કામે **એલ.એ.આર કેસ નંબર ૦૨/૨૦૧૮** મા આંક–૦૯ થી નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત કરેલ છે.

:: મુદ્દા ::

01. Whether the claimants proved that the award passed by Opponent is insufficient ?

02. Whether the claimants proved that they are entitled to get additional Compensation ?

03. Whether the Applicants are within limitation?

04. What Order?

૧૦. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારમાં

૨) અંશત: હકારમાં

૩) હકારમાં

૪) આખરી હુકમ મુજબ

૧૧. ઉપરોકત મુદ્દાના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચેનો પુરાવો રજુ થયેલ.

(અ) અરજદારો તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :

ક્રમ નં.	વિગત	આંક
૦૧.	એલ.એ.કયુ કેસ.નં.૩૯/૨૦૦૭ ના અરજદાર વિશ્વ મંગલમ શારદા ગ્રામ ઢુંઢર, હિંમતનગર સાર્વજનિક ટ્રસ્ટના નિયામક ડાહ્યાભાઈ લીલાભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામુ	૫૬
૦૨.	અરજદાર તરફે અનિલભાઈ ચુનીભાઈ નાયક નુ સરતપાસનુ સોગંદનામુ.	૭૮
૦૩.	અરજદાર તરફે હબીબુર રહેમાન અબ્દુલ્લાભાઈ લોઢાવાલા નુ સરતપાસનુ સોગંદનામુ.	૮૧
૦૪.	એલ.એ.કયુ કેસ.નં.૦૧/૨૦૧૮ ના અરજદાર મોહંમ્મદ ઈરફાન ગુલામનબી વડાલીવાળાનું સરતપાસનું સોગંદનામુ	૮૫

(બ) અરજદારો તરફે રજુ થયેલ લેખિત પુરાવો :

ક્રમ નં.	વિગત	આંક
૦૧.	મે.કલેકટર સાહેબ સાબરકાંઠાના તા.૨૧/૫/૨૦૦૨ ના હુકમ નં. જમીન/સીટીએસ-વશી/૧૫૪૦/૨૦૦૨ ના હુકમ ની નકલ.	૫૯

૦૨.	મે.કલેકટર સાહેબ સાબરકાંઠાના તા.૧/૧૧/૨૦૦૦ ના હુકમ નં. જમીન/વશી/૮૨૧૧/૨૦૦૦ ના હુકમ ની નકલ.	૬૦
૦૩.	નામદાર હાઈકોર્ટની ફર્સ્ટ અપીલ નં.૧૧૮૦/૨૦૧૪ ના તા.૧૩/૧૦/૧૫ ના હુકમ ની નકલ.	૬૧
૦૪.	હિંમતનગરની સબ રજીસ્ટ્રાર કચેરીએ અનુક્રમ નં. ૫ તા.૧/૧/૧૯૯૨ ના રોજ વેચાણ દસ્તાવેજની નકલ.	૬૨
૦૫.	હિંમતનગર ના સબ રજીસ્ટ્રાર કચેરીએ રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.૧૩૮ તા.૧૫/૨/૧૯૯૨ ના રોજ વેચાણ દસ્તાવેજની નકલ.	૬૩
૦૬.	જમીન સંપાદન નિયમ સંગ્રહના ફકરા નં.૧૦૪ ના પત્રકની સિકકાવાળી નકલ એલ.એ.કયુ.કેસ નં.૩૫/૨૦૦૩.	૬૪
૦૭.	એલ.એ.કયુ.કેસ નં.૩૫/૦૩ ના હિસ્સા ફોર્મ નં.૪ ની સિકકાવાળી નકલ.	૬૫
૦૮.	હિંમતનગર મોતીપુરા સીમના સર્વે નં.૫ પૈકીની સંપાદિત થતી જમીન સંપાદન અધિકારીના સરવેયરશ્રીએ સંપાદન થતી જમીન માપણી કરેલ નકશો સિકકાવાળી નકલ.	૬૬
૦૯.	મે.કલેકટરશ્રીને લખેલ પત્ર નં.એલ.એ.કયુ./કેસ નં.૩૫/૦૩ /કલમ ૦૬/૨૦૦૪ તા.૨૨/૧૨/૨૦૦૪ ના પત્રની સિકકાવાળી નકલ	૬૭
૧૦.	કલમ ૬ નુ જાહેરનામુ તા.૧૯/૨/૨૦૦૫ ના રોજ દૈનિક પેપરમા પ્રસિધ્ધ થયેલ જાહેરનામાની સિકકાવાળી નકલ.	૬૮
૧૧.	નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ રજુ કરેલ સવાલ પત્રકની સિકકાવાળી પ્રત.	૬૯
૧૨.	કલેકટરશ્રી સાબરકાંઠાએ રામ ભકત મંડળ હિમતનગર ધ્વારા ધાર્મિક હેતુસર મોજે.હિમતનગર તા.હિમતનગર ના સીટી સર્વે નં.૨૬૯૭ ની દક્ષિણે રસ્તા પૈકીની ૨૭ – ૯૪–૯૭ ચો.મીટર જમીન માંગણી કરતા નાયબ	૭૯

	નગર નિયોજકશ્રીને લખેલ પત્રની ખરી નકલ.	
૧૩.	નાયબ નગર નિયોજકશ્રીએ ઉપરોકત જમીનનુ પ્રતિ ચો.મીટર રૂા.૪૬૫૦/–(અંકે રુપિયા ચાર હજાર છસો પચાસ) બજાર કિંમત નકકી કરી કલેકટરશ્રી સાબરકાઠા ને અહેવાલ પાઠવેલ તે પત્રની ખરી નકલ.	૮૦
૧૪.	નામદાર ગુજરાત હાઈકોર્ટનું ફર્સ્ટ અપીલ નંબર.૧૧ ૮૦/૨૦૧૪ તા.૨૭/૪/૨૦૧૮ ના રોજ આપેલ જજમેન્ટની ખરી નકલ.	૮૭

ત્યારબાદ આ કામે અરજદાર તરફે તરફે આંક–૯૭ થી પુરસીસ આપી પોતાનો પુરાવો પુરો કરેલ હોવાનું જાહેર કરેલ છે.

એલ.એ.આર કેસ નંબર ૦૨/૨૦૧૮ના અરજદારે આ કામે કોઈ પુરાવો આપેલ નથી.

૧૨. સામાવાળા તરફે નીચે મુજબનો મૌખિક તથા લેખિત પુરાવો રજુ થયેલ છે.

(અ) <u>સામાવાળા તરફે રજુ થયેલ મૌખિક પુરાવો.</u>

અ. નં.	વિગત	આંક
૦૧.	સામાવાળા તરફે શ્રી જૈમીનીબેન કે. ગોસ્વામીનું સર તપાસનું સોગંદનામુ.	૯૮

સામાવાળા તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

ત્યારબાદ આ કામે સામાવાળા તરફે આંક–૯૯ થી પુરસીસ આપી પોતાનો પુરાવો પુરો કરેલ હોવાનું જાહેર કરેલ છે.

૧૩. અરજદારો તથા સામાવાળા તરફે સરકારી વકીલશ્રીની મૌખિક દલીલો

સાંભળી.

<u>એલ.એ.આર.નં.૩૯/૨૦૦૭ ના કામે મુદા નંબર-૧ તથા એલ.એ.આર.નં.૦૧/૨૦૧૮ અને એલ.એ.આર.નં.૦૨/ ૨૦૧૮ ના કામે મુદા નંબર ૧ અને ૨ ની ચર્ચા :</u>

૧૪. આ કામે એલ.એ.આર. ગૃપ કેસ નંબર ૩૯/૦૭ તથા એલ.આર. નં. ૧/૧૮ તથા એલ.આર.નં. ૨/૧૮ વાળા લેન્ડ રેફરન્સ કેસોમાં સંયુકત પુરાવો લેવાનો <u>એલ.એ.આર. કેસ નંબર ૩૯/૨૦૦૭ માં આંક ૫૮</u> થી તમામ એલ.એ.આર. કેસમાં કોન્સોલીડેટ પુરાવો લેવા માટે અરજી કરતા સદર અરજી મંજુર થતા એલ.એ.આર. કેસ નંબર ૩૯/૨૦૦૭ માં સંયુકત પુરાવો લેવાનો હુકમ કરવામાં આવેલો. ત્યારબાદ એલ.એ.આર. કેસ નં. ૩૯/૨૦૦૭ ના અરજદારે **આંક. ૫૬** થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે, અને તેમાં તેઓએ પોતાની અરજીની હકીકતને સમર્થન પુરૂ પાડી મુખ્યત્વે તે મતલબનો પુરાવો આપેલ છે કે, અરજદારોની મોજે હિંમતનગર મોતીપુરા વિસ્તારમાં આવેલ સ.નં.૫ ની બિનખેતી લાયક જમીનના પ્લોટ નં. ૬૬ ની ૨૫ ચો.મી., પ્લોટ નં. ૬૭ ની ૮૫ ચો.મી.,પ્લોટ નં.૬૮ ની ૨૧ ૦.૦૦ ચો.મી., પ્લોટ નં. ૬૯ ની ૨૩૧-૧૫ ચો.મી. તથા સ.નં. ૫ પૈકીની ૧૯૪૬-૦૦ ચો.મી. મળી કુલ જમીન ૨૪૯૭-૧૫ ચો.મી.ખાસ

જમીન સંપાદન અધિકારી સાબરકાંઠા જીલ્લાનાઓએ એલ. એ.કયુ. કેસ નં. ૩૫/૨૦૦૩ તા.૩૧/૩/૦૬ ના રોજના એવોર્ડથી સંપાદિત કરેલ. જે **એવોર્ડની જાણ** તેઓને તારીખ:- ૩/૦૩/૨૦૦૭ ના રોજની જમીન સંપાદન કાયદાની કલમ-૧૨(૨)મુજબની નોટીસ તારીખ:- ૧૨/૪/૨૦૦૭ ના રોજ વળતરની રકમ લેવા માટેની જાણ કરતી નોટીસ તારીખ: ૧૦/૪/૨૦૦૭ ના બજી જતાં થયેલ.અને એવોર્ડમાં વળતરની રકમ ઘણી જ ઓછી નકકી કરેલ હોય,કલમ ૧૮ ના રેફરન્સની અરજી તારીખ:- ૨/૫/૨૦૦૭ ના રોજ ખાસ જમીન સંપાદન અધિકારી, હિંમતનગરની કચેરીએ રજુ કરેલ.

વધુમાં, તેઓ તરફે એ મતલબનો પુરાવો આપેલ છે કે, તેઓની બીન ખેતી લાયક જમીન રહેઠાણના વિકસીત વિસ્તારમાં હિંમતનગર શહેરમાં, મોતીપુરા વિસ્તારમાં આવેલ હતી, જે રોડ ટચની જમીનની બજાર કિંમત ઘણી જ ઉંચી ચાલતી હોય, જેની બજાર કિંમત એક ચો.મી.ના રુ. ૬,૦૦૦/- સને ૨૦૦૪ માં હતી, તે જમીનની પ્રતિ ચો.મી. રુ. ૫૦૦૦/-ની માગણી અરજદારોએ કરેલી. અરજદારની સંપાદિત થયેલ જમીન જંકશન રોડ ઉપર રોડ ટચની સંપાદિત થયેલ છે. તેથી બાંધકામ માટે પણ તેઓની જમીન કપાય છે. વળી, હિંમતનગર શહેરમાં અરજદારની

સંપાદન થયેલ જમીનને અડીને મોતીપુરા વિસ્તારની બીજી જમીનો સરકારશ્રીએ લોકોને આપેલ છે. જે હુકમો આ કામે આંક. ૫૯ તથા આંક.૬૦ થી આ કામે રજુ કરેલ છે. તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટનો ન્યાયિક નિર્ણય આંક.૮૭ થી રજુ કરી એ મતલબનો પુરાવો આપેલ છે કે, સદરહુ ન્યાયિક નિર્ણયમાં પણ મોતીપુરા સીમના સ.નં. ૧૪/૨ ની જમીન સંપાદનમાં ગયેલ, જે ચુકાદામાં નામ. વડીઅદાલતે તારીખઃ-૧૩/૧૦/૧૫ ના જજમેન્ટ માં રુ.૧૩૫૦/- એક ચો.મી.ના બજાર ભાવ આપેલ છે.

વધુમાં અરજદારે તે મતલબનો પુરાવો આપેલ છે કે, સંપાદન થયેલ જમીન જંકશન રોડ ઉપર રોડ ટચની જમીન હોય,અને સદર જમીનો જમીન હિંમતનગર કોર્પોરેશનની હદમાં આવેલ છે.મોતીપુરાનો સીમાડો પણ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વોર્ડ છે. આમ, અરજદારોની જમીન ઘણી જ મોકાની વિકસીત એરીયામાં ફળદ્રુપ આવેલ છે જેમાં બજાર ભાવ એક પ્રતિ ચો. મી. એ રૂા. ૬,૦૦૦/- અંકે રૂપિયા છ હજાર પ્રમાણે હોવા છતાં બજાર ભાવ ધ્યાને લીધેલ ન હોય કાયદા મુજબ ભાવ વધારો તેમજ મળતા લાભો મેળવવા રજુઆત કરેલ છે.

આ સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં એ હકીકત રેકર્ડ ઉપર લાવવાની કોશિષ કરેલ છે કે, સ.નં. ૫ ની બીન

ખેતી લાયક જમીન ઢોળાવવાળી,પથરાળ અને પાણીના વહેણવાળી છે.જે હકીકતનો આ સાહેદે ઈન્કાર કરેલ છે. વધુમાં, આ સાહેદે ઈન્કાર કરેલ છે કે,સરકારશ્રીએ જે જાહેરનામુ બહાર પાડેલ તેની સામેતેઓએ કોઈ વાંધો રજુ કરેલ નથી કે સંપાદન થયેલ જમીનનો યોગ્ય અને વ્યાજબી વળતર તેઓને આપવામાં આવેલ છે.

૧૫. અરજદાર તરફે આંક.૭૮ થી અનિલભાઈ ચુનીભાઈ નાયકને સાહેદ તરીકે સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ સાબરકાંઠા જીલ્લાના નગર આયોજન અને મૂલ્યાંકન ખાતામાં નગર નિયોજક તરીકે હિંમતનગર મુકામે છેલ્લા ૯ મહીનાથી ફરજ બજાવે છે. તેઓએ પોતાના મૌખિક પુરાવામાં એ મતલબની હકીકત જણાવે છે કે, મોજે હિંમતનગર તાલુકા હિંમતનગરના સીટી સ.નં.૨૬૯૭ ની દક્ષિણે રસ્તા પૈકી ૨૭–૯૪–૯૭ ચો.મી. જમીનની માંગણી બાબતે માંગણીદારશ્રી રામભકત મંડળ,હિંમતનગર ધ્વારા ધાર્મિક હેતુસર માગણી કરેલ. આ જમીનનું મૂલ્યાંકન પ્રકરણ કલેકટરશ્રી, સાબરકાંઠા ધ્વારા તારીખ: ૨/૨/૨૦૦૧ ની નગર નિયોજક કચેરી,હિંમતનગરને પાઠવવામાં આવેલ. જે પત્રની ખરી નકલ આ કામે આંક. ૭૯ થી રજુ કરેલ છે. વધુમાં,તેઓએ એ મતલબનો પુરાવો

આપેલ છે કે, આ પ્રકરણે જરુરી સવાલવાળી જમીનોની આસપાસની જમીનોના મુલ્યાંકનની તારીખથી અગાઉના પાંચ વર્ષના વેચાણો ખાતાની માર્ગદર્શિકા મુજબની ગણતરી પત્રકમાં કરેલ. અને સ્થળસ્થિતિનું નિરીક્ષણ કરી કિંમતની ગણતરી કરી કમીટીમાં અહેવાલ મોકલાવેલ. નગર નિયોજક ખાતાની જે તે સમયે અમલી માર્ગદર્શીકા મુજબ આ કિસ્સામાં મુલ્યાંકન કિંમત રુ. ૪,૬૫૦/- પ્રતિ ચો.મી. નકકી કરી તે અહેવાલ કલેકટરશ્રીને પાઠવતાં કલેકટરશ્રીએ ઉપરોકત ભાવ નકકી કરેલ.જે પત્રકની નકલ ખરી નકલ આ કામે આંક.૮૦ થી રજુ છે.

સદર સાહેદ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જમીન સંપાદનની કાર્યવાહી કઈ રીતે થાય તેની તેઓને ખબર નથી. આમ, આ સાહેદના પુરાવામાં અરજદારે સંપાદન કરેલ જમીનની બજાર કિંમત પ્રતિ ચો.મી.ના રુ.૪,૬૫૦/-(અંકે રુ. ચાર હજાર છસો પચાસ પુરા) રેકર્ડ ઉપર લાવવાની કોશિષ કરેલ છે.

૧૬. એલ.એ.આર. કેસ નં. ૦૧/૨૦૧૮ ના અરજદાર તરફે આંક.૮૧ થી હબીબુર રહેમાન અબ્દુલ્લાભાઈ લોઢાવાલાને સાહેદ તરીકે સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,તેઓ નાયબ મામલતદાર આર.ટી.એસ.ટીમ,કલેકટર

કચેરી સાબરકાંઠા જિલ્લા, હિંમતનગરમાં નોકરી કરતા હતા ત્યારે તેઓને રહેઠાણનું મકાન ન હોઈ જેથી તા.૦૯/૦૩/૧૯૯૩ ના રોજ સરકારી જમીન રાહતદરે ફાળવવા સરકારમાં માંગણી કરતા મોજે મોતીપુરા,હિંમતનગર મુકામે કલેકટર કચેરીશ્રી સાબરકાંઠાના પત્ર નં.જમીન/વશી/૮૨૧૧/૨૦૦૦ તા.૦૧/૧૧/૨૦૦૦ થી મોતીપુરા ગામ તળની જમીન રહેઠાણના હેતુ માટે દર ચોરસ મીટરના રૂા.૨,૧૩૮/- ના ભાવે ફાળવણી કરેલ છે જે હુકમ આ કામે આંક-૬૦ થી રજુ કરેલ છે

વધુમાં તેઓ તરફે એ મતલબનો પુરાવો આપેલ છે કે આ જમીન તેઓ સરકારી કર્મચારી હોઈ તેઓને બજારકિંમત પ્રમાણે ફાળવવામાં આવેલ અને સદર જમીનની આકારણી જમીન મુલ્યાકનસમિતિ સાબરકાંઠાનાઓએ કરેલી.આ સાહેદ ફાળવવામાં આવેલ ઉપરોકત જમીન મોતીપુરાના ગામતળ પૈકીની રહેટાણના હેતુ માટેની જમીન હતી સાહેદની જમીન તથા સંપાદિત થયેલ જમીન વિકાસની દષ્ટિએ સરખા પ્રકારની હોવાનો પુરાવો આપેલ છે.

આ સાહેદની સામાવાળા સરકાર પક્ષે ઉલટતપાસમાં એ હકીકત રેકર્ડ ઉપર લાવવાની કોશીષ કરેલ છે કે રેફરન્સ અરજીના અરજદાર સાહેદની જ્ઞાતિના હોઈ સરકાર પાસેથી વધારે પૈસા મેળવવા જુબાની આપેલી છે.

૧૭. ત્યારબાદ એલ.એ.આર. કેસ નં. ૦૧/૨૦૧૮ ના અરજદારે આંક.

૮૫ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે, અને તેમાં તેઓએ પોતાની અરજીની હકીકતને સમર્થન પુરૂ પાડી મુખ્યત્વે તે મતલબનો પુરાવો આપેલ છે કે, મોજે હિંમતનગર મધ્યે મોતીપુરા વિસ્તારમાં આવેલ બીનખેતીના સ.નં. ૫ વાળી જમીનમાં અમદાવાદ–ઈડર ડાયવર્ઝન રોડ પસાર થાય છે. જે રોડ સામાવાળાએ પહોળો કરવા માટે તા.૧૯/૨/૨૦૦૫ ના રોજ જાહેરનામું આપેલ. અને '' જી '' પત્રકમાં સદર રોડ પહોળો કરવા માટે તેઓની ૩૦૬૩ ચો.મી. જમીન સંપાદન કરવામાં આવેલ. અરજદાર સાથે અન્ય બે વ્યકિતઓના નામ જણાવવામાં આવેલ છે. અને મુખ્ય લેન્ડ રેફરન્સ કેસ નં. ૩૯/૦૭ નો રેફરન્સ વિશ્વકર્મા ટ્રસ્ટના ટ્રસ્ટ્રી ડાહયાભાઈ લીલાભાઈ પટેલ કરેલ છે.અને તે રેફરન્સ કેસમાં તેઓની સંપાદન કરેલ જમીનનું માપ દર્શાવેલ છે. જેમાં ખુલ્લી જમીનનું પણ માપ દર્શાવેલ છે. જે જમીન અરજદારોએ તેઓને વેચાણ આપેલ નથી. અને તેઓના પાવર ઓફ એટર્ની હોલ્ડરે તેમની સત્તાનો દુરપયોગ કરી વેચાણ આપેલ છે. આ બાબતે પક્ષકારે વચ્ચે દિવાની અદાલતમાં દાવો પેન્ડિંગ છે. તેમજ બીનખેતી સમયે પ્લોટીંગ કરતી વખતે રેખા નિયંત્રણનો બાધ ના આવે તે રીતે અરજદારે સદર ડાયવર્ઝન રોડને મધ્યે બિંદુથી કાયદા પ્રમાણેની જમીન છોડેલ છે. રોડ પહોળો કરવા માટે જે ખુલ્લી જમીન સંપાદન કરવામાં

આવેલ છે, તેના તેઓ માલીક છે. વધુમાં, તેઓએ એ મતલબનો પુરાવો આપેલ છે કે, લેન્ડ રેફરન્સ કેસ નં. ૨/૧૮ ના અરજદારે સદર રોડ પહોળો કરવા તેમની આશરે ૧૦,૦૦૦ ચો.ફુટની જમીન એટલે. કે, ૯૨૦ ચો.મી. ની જમીન અંદાજીત સંપાદીત કરેલ છે તેવુ જણાવી ઉપરોકત રેફરન્સ કરેલ છે. પરન્તુ અરજદારોએ આ જમીન વેચાણ કે ટ્રાન્સફર કરેલ નથી. તે અંગેનો કોઈ પુરાવા તેમણે રજુ કરેલ નથી. અરજદારને લેન્ડ એકવીઝેશન એકટની કલમ ૧૨(૨) ની નોટીસ મળતાં તેઓએ સામાવાળાએ કરેલ એવોર્ડની રકમ ચુકવવા સામે વાંધા અરજી આપેલ છે. સામાવાળાએ લેન્ડ એકવીઝેશન એકટની કલમ ૪ આખરી જાહેરનામું તા.૧૯/૦૨/૨૦૧૫ ના રોજ બહાર પાડેલ અને વળતરની રકમ નકકી કરવા માટે કલમ–૯ ની નોટીસો આપતાં તેનો જવાબ તથા માંગણીની લેખીત રુજઆત કરેલ અને જેમાં પ્રતિ ચો.મી. એ રુ.૬,૦૦૦/– ની માગણી કરેલ. જે રજુઆત ઘ્યાનમાં લીધા સિવાય સામાવાળાએ ઓછી બજાર કિંમત આંકી તા.૩૧/૩/૨૦૦૬ ના રોજ એવોર્ડ જાહેર કરેલ છે. સદર એવોર્ડ સામાવાળાએ જાહેર કરતાં, તે અંગે જમીન સંપાદન અધિનિયમની કલમ ૧૨(૨) ની નોટીસ અરજદારને તારીખ:– ૧૦/૪/૨૦૦૭ ના રોજ આપેલ જે અરજદારને તા.૧૨/૪/૦૭ ના રોજ મળેલ. તે અંગે તેઓએ વાંધા આપતાં તેઓને રકમ ચુકવવામાં આવેલ નથી.

અરજદારની સંપાદન થયેલ જમીનની ઉત્તરે ગીરધરનગર નામે ઓળખાતો ભરચક રહેણાંક વિસ્તાર આવેલ છે.દક્ષિણે ઈન્ડસ્ટ્રીયલ ઝોન આવેલ છે. તથા પુર્વે કોમર્શીયલ વિસ્તાર આવેલ છે. આમ, જમીનની આજુબાજુના વિસ્તારનો ખુબ જ વિકાસ થયેલ હોઈ,તેમજ આ વિસ્તારમાં આવેલ જમીન સરકારશ્રીએ જુદા જુદા હેતુ માટે ફાળવેલ હોવાની હકીકત અરજદાર રેકર્ડ ઉપર લાવી, તેઓની માંગણી મુજબ હુકમ કરવા પુરાવો આપેલ છે.

આ સાહેદની સરકાર તરફે વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, નિયત કરેલ રકમની સામે તેઓએ કોઈ વાંધા આપેલ નથી.અને સર્વે નં.૫ ની બીનખેતીની જમીન ઢોળવાવાળી, પથરાળ અને પાણીના વહેણથી ધોવાણ થયેલ હોઈ, કોઈપણ જાતનું બાંધકામ કરવાલાયક નહોતી.

ત્યારબાદ એલ.એ.આર. નં. ૩૯/૦૭ ના વિ.વ.શ્રી કે. આર. મનસુરીએ આ સાહેદની ઉલટતપાસ કરવા પરવાનગી માંગતાં આંક. ૮૮ ની અરજી મંજુર થતાં, તેઓએ આ સાહેદની ઉલટતપાસ કરેલ છે. જેમાં એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, સ.નં. ૫ અરજદારના પિતાશ્રી ગુલામનબી ઈબ્રાહીમભાઈ વડાલીવાલાએ વેચાણથી ૧૯૮૦માં ખરીદ કરેલ. અને ૧૯૯૦ માં બીનેખતી રહેણાંકના હેતુ માટે કરાવેલ.જે બીનખેતીની

જમીનમાં બાંધકામવાળી જમીન આશરે ૧૩૦૦૦ ચો.મી.હતી. અને ખુલ્લી મારજીનની જમીન આશરે ૪૩,૩૬૩ ચો.મી. અને કોમનપ્લોટની જમીન ૫૮૦૦૦ ચો.મી. હતી. અને સ.નં. ૫ ની ૧૯૯૦ ના વર્ષમાં બીનખેતી કરાવેલ જમીનમાં કુલ ૧૯૦ પ્લોટ વેચાણ માટે પાડવામાં આવેલ. આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સ.નં.૫ માં બીનખેતીના પડાવેલ ૧૯૦ પ્લોટનું વેચાણ કરવા પાવર ઓફ એટર્ની આપેલ અને તે આધારે સને ૧૯૯૫ સુધીમાં જુદી જુદી વ્યકિતઓ સાથે વેચોણ થઈ ગયેલ. આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કેસમાં સંપાદીત થયેલ જમીન અગાઉ પણ હિમ્મતનગરથી ઈડર અને વિજાપુર ડાયવર્ઝન રોડ માટે સંપાદન થયેલ. અને તે સંપાદીત થયેલ જમીન જે ખરીદનારા હતા, તેમને જે વળતર મળેલ તેમાં તેઓએ વાંધો લીધેલ નહોતો. આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તમામ પ્લોટ ખરીદનારા ઉપર ખોટી પાવર ઓફ એટર્ની કરી વેચાણ કરેલ છે. તે મતલબનો તેઓએ દાવો દાખલ કરેલ નથી. આમ, આ સાહેદની ઉલટતપાસમાં ઉલટતપાસ દરમિયાન એ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં પ્રયત્ન કરવામાં આવેલ છે કે, એલ.એ.આર. નં. ૩૯/૨૦૦૭ ના અરજદારને વઘુ વળતર મળતુ હોય,જેમાં ભાગ પડાવવા માટે આ સાહેદે પોતાની સરતપાસમાં તેઓને હકક

દાવો આગળ કરેલ છે.

૧૮. સામાવાળા તરફે આંક-૯૮ થી જૈમીનીબેન કે.ગોસ્વામીનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ તે મતલબનો પુરાવો રજુ કરેલ છે કે, તેઓએ એલ.એ.કયુ. કેસ નંબર ૩૫/૦૩ બાબતે કચેરીના રેકર્ડના આધારે કલમ-૪ ના તા.૨૭/૫/૨૦૦૪ ના (ગામે પ્રસિધ્ધી કર્યાના) જાહેરનામા બાબત અને કલમ-૬ ના તા.૨૮/૦૨/૨૦૦૫ (ગામે પ્રસિધ્ધ કર્યાના) જાહેરનામા બાબત અને કલમ-૯ ની નોટીસો બાબતે રેકર્ડ પરનો પુરાવો રજુ કરેલ છે અને વધુમાં તે મતલબનો પુરાવો આપેલ છે કે, અરજદાર શ્રીએ જમીન સંપાદન કાયદાની કલમ ૧૮ મુજબ રજુ કરેલ કોર્ટ રેફરન્સ સમય મર્યાદામાં થયેલ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. વધુમાં, આ સાહેદે એ મલતબનો પુરાવો આપેલ છે કે, મોજે મોતીપુરા તા.હિંમતનગરની બીનખેતીની જમીનો હિંમતનગર કાટવાડ રોડના જંકશન સુધારણા કામ સારુ વળતર સંપાદન કરવા અંગેની આ કામની પ્રાથમિક દરખાસ્ત કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગના હિંમતનગર તરફથી તૈયાર થઈ કલેકટરશ્રી, સાબરકાંઠા હિંમતનગર મારફતે આગળની કાર્યવાહી સારુ અત્રે મળેલ જેથી આ કામની પ્રાથમિક દરખાસ્ત મળતાં જમીન સંપાદન મેન્યુઅલ મુજબ ચકાસણી કરી

ખુટતી માહીતી સંપાદક સંસ્થા પાસેથી મેળવી આ કામે સંપાદક સંસ્થાએ બતાવ્યા મુજબના પ્લાન મુજબ સ્થળે સંયુકત માપણી કરવી આ કામની રિવાઈવર દરખાસ્ત મંગાવી કલેકટરશ્રી, સાબરકાંઠા મારફતે કલમ–૪ નું પ્રાથમિક જાહેરનામું ગુજરાત સરકારના રાજયપત્રમાં તથા બે વર્તમાન પત્રો અને રની એ કલમ ૪(૧) નો નોટીસ પ્રસિધ્ધીની કાર્યવાહી પૂર્ણ કરી આ કામની સમયાંતરે કલમ–૬ ની કાર્યવાહી પુર્ણ કરી આ કામનો કલમ–૧૧ મુજબ એવોર્ડ કરવા સારુ સુચીત ૫ ની રેખામાં સંપાદન થતી જમીનનું વળતર નકકી કરવા સારુ ગામે થયેલ બીનખેતીની જમીનના વેચાણ અંગેની માહિતી તલાટીશ્રી, મોતીપુરાના ગામ દફતરેથી મેળવવામાં આવેલ છે. પરન્તુ સુચીત સંપાદન થતી જમીન શહેરી વિસ્તારની હોવાથી સંપાદન થતી જમીનનું મુલ્યાંકન નાયબ નગર નિયોજકશ્રી (જુ.) હિંમતનગર મારફતે કરાવવાનું થતુ હોવાથી આ કામે કાર્યવાહી સારુ સંપાદન થતા પ્લોટો તથા બીન ખેતીની જમીનોના મુલ્યાંકન ની કાર્યવાહી સારુ જરુરી દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરીના પત્ર ક્રમાંક એલ.એન.ડી. /કેસ. ૩૫/ ૦૩/ જસં/ મુલ્યાંકન/૦૫, તા.૧૩/૬/૦૫ ની જુનીયર ટાઉન પ્લાનર હિંમતનગર ને અત્રેથી મોકલવામાં આવેલ છે. જે જુનીયર ટાઉન પ્લાનર હિંમતનગરના પત્ર ક્રમાંક એલ.એન.ડી./કેસ.૩૫/૦૩/૧૯૩/ મોતીપુરા / હિંમતનગર

/૧૯૬૦, તા.૨૪/૧૦/૨૦૦૫ થી સુચીત સંપાદન થતી જમીનમાં આવતા બીનખેતીના પ્લોટમાં તથા બીનખેતીની ખુલ્લી જમીનોનું પ્લોટો વાઈઝ તથા ખુલ્લી જમીનો વાઈઝ મુલ્યાંકનનો અહેવાલ અત્રે મોકલવામાં આવેલ છે. જે મુલ્યાંકન અહેવાલ મુજબ પ્રતિ ચો.મી.ના રૂા.૨૩–૧૫ વળતર નકકી કરેલ છે. પરન્તુ જે જમીનની સ્થળ સ્થિતિ, વિકાસ,મુખ્ય માર્ગથી મળતી ફ્રન્ટેજ તાલુકા મથકથી અંદર પ્રોટાન્સીયાલીટી ઔદ્યોગિક વિકાસ ભવિષ્યમાં બીન ખેતીની શકયતાઓ, સંપાદન થતીજમીન પૈકીના વેચોણ થયેલ દસ્તાવેજો, આજુબાજુના વેચાણ થયેલ દસ્તાવેજો ભવિષ્યમાં સંપાદન થતા બીન ખેતીના પ્લોટો તથા ખુલ્લી જમીનની રહેણાંક તથા વાણિજય વિકાસ, આ તમામ બાબતોને ઘ્યાનમાં રાખી પ્રતિ ચો.મી. રૂા.૩૦–૦૦ વળતર નકકી કરવા તત્કાલીન ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીએ એવોર્ડથી ઠરાવેલ છે.

આ સાહેદની અરજદાર તરફે લંબાણપુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં આ સાહેદે આ કામે રજુ થયેલ આંક.૩ ના જમીન સંપાદન ધારાનીકલમ ૧૧ અંગેના એવોર્ડમાં નકકી કરેલ બજાર કિંમત બાબતે કોઈ જાત માહીતી ન હોવાની,તથા કલમ.૧૧ અંગેના એવોર્ડમાં અરજદારો પાસે થી કબજો કયારે સંભાળવામાં આવેલ તે હકીકત જણાવેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, કબુલ કરેલ છે કે,સંપાદક સંસ્થાએ

ખાનગી સમજુતીથી કબજો લીધેલ છે. પરન્તુ કબજાની તારીખનો ઉલ્લેખ કરેલ નથી. વધુમાં,સંપાદીત થયેલ જમીન હિંમતનગર શહેર વિસ્તારમાં આવેલ હોવાની, હિંમતનગર શહેર સાબરકાંઠા જીલ્લાનું પાટનગર હોવાની તેમેજ સરકારશ્રીની જમીન સરકારરીએ આપેલ હોય અને જેની બજાર કિંમત પ્રમાણે કિંમત લીધેલ હોય એવા કોઈ દસ્તાવેજો ઉપર એવોર્ડમાં આધાર રાખવામાં આવેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, સંપાદન થયેલ જમીન બીનખેતી હોવાની, સંપાદન થયેલ જમીનના જે માલીક અને કબજેદાર છે તેની તપાસણી એવોર્ડ કરનાર અધિકારીએ તપાસ કરી એવોર્ડ કરવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, કલમ–૪ ના જાહેરનામા અંગેનો કોઈ વાંધા આવેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

સદર સાહેદની એલ.એ.આર. નં. ૧/૧૮ ના અરજદાર તરફે લંબાણ પુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં સદર સાહેદે આંક.૩ ના એવોર્ડ પત્રક ''બી'' મા જમીનના દાવેદારોમાં વલીભાઈ અમદાભાઈ, શાહ મલહાર મનોજભાઈ તથા ભટ્ટ મુકેશભાઈ ઈશ્વરભાઈ નાઓએ કોઈ હકક દાવો કરેલ ન હોવાની, રેકર્ડ જોતાં વકીલશ્રી એચ.કે.શાહનીતા.૩/૦/૦૫ ની નોટીસ શ્રી શાહ મલ્હાર મનોજભાઈ તથા મુકેશેભાઈ ઈશ્વરભાઈ

ભટ્ટે સંયુકતપણે બજાર ભાવ મુજબ વળતર ચુકવવા નાટીસ આપેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, શાહ મલ્હાર મનોજભાઈ તથા મુકેશભાઈ ઈશ્વરભાઈ ભટ્ટે કોઈ રેફરન્સ અરજી કરેલ ન હોવાની, રેફરન્સ કેસ નં.૨/૧૮ ના અરજદાર વલીભાઈ અમદાભાઈ પટેલનાએ તેમની કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ છે તેવો કોઈ પુરાવો રજુ કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, તેઓ તેઓની ખુલ્લી જમીન ઉપરના ખુણેથી આશરે આઠથી દસ ફુટ દબાણ કરેલ હોવાનુ જણાવી, માપણી કરવા તારીખ: ૧૫/૪/૨૦૦૫ ના રોજ અરજીકરેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, સદર સાહેદ તેમની માંગણી હોવા છતાં કોઈ માપણી કરેલાનું તેમના રેકર્ડમાં ઉપલબ્ધ ન હોવાની, વલભાઈ અમદાભાઈની કેટલી જમીન સંપાદન કરેલ છે તેની કોઈ માહીતી તેમના રેકર્ડમાં ન હોવાની તેમેજ રેફરન્સ કેસ નં. ૨/૧૮ ના અરજદારે રેફરન્સ અરજીમાં તેમની ૧૦,૦૦૦ ચો.ફુટ જમીન રોડના કામે સંપાદન કરવામાં આવેલ છે તેવો કોઈ ઉલ્લેખ કે પુરાવો તેમના રેકર્ડમાં ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં, સદર સાહેદે એવોર્ડ પ્રમાણે જે બજાર કીંમત નકકી કરેલ છે તે ખોટી કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

૧૯. આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો જોઈએ તો અરજદારોની સ્વતંત્ર

માલીકી ને કબજા ભોગવટાની સર્વે નં.૫ મોજે મોતીપુરા,હિંમતનગર તા.હિંમતનગર ગામે આવેલ જમીન જાહેર હેતુ હિંમતનગર બાયપાસ રોડ ઉપર હિંમતનગર   કાટવાડ રોડના જંકશનના સુધારણા માટે સંપાદીત થયેલ તે બાબતે તકરાર નથી. આ કામે સર્વ પ્રથમ જમીન સંપાદીન અધિકારીએ ચુકવેલ વળતર યોગ્ય અને વ્યાજબી છે કે કેમ? તે અંગેનો નિર્ણય કરવાનો છે આ નિર્ણય કરવા માટે સૌપ્રથમ કલમ–૪ ના જાહેરનામાના દિવસે સંપાદીત જમીનની બજાર કિંમત શું હતી તે નકકી કરવાનું છે. જો જમીન સંપાદન અધિકારીએ કલમ–૪ ના જાહેર નામાના દિવસે જમીનની બજાર કિંમત કરતા ઓછી રકમનું વળતર ચુકવવા હુકમ કરેલ હોય તો જમીન સંપાદન અધિકારીએ ચુકવેલ વળતર યોગ્ય અને વ્યાજબી નથી તેવુ કહી શકાય. સંપાદીત થયેલ જમીનની બજાર કિંમત નકકી કરતી વખતે જમીન સંપાદન અધિનિયમની જોગવાઈઓ ઘ્યાને લેતા મુખ્યત્વે ત્રણ પરિબળો કે પઘ્ધતી ઘ્વારા જમીનની બજાર કિંમત નકકી કરવાની હોય છે.

(૧) કલમ–૪ ના જાહેરનામાની સમયગાળા દરમ્યાન થયેલ વેચાણની જમીનની કિંમતના આધારે સંપાદીત થયેલ જમીનની બજાર કિંમત નકકી કરી શકાય.

(૨) એકસપર્ટ ઓપીનીયનના આધારે

(૩) જમીનની ઉત્પાદનની ક્ષમતા, ફળદ્રુપતાના આધારે સંપાદીત થયેલ જમીનની બજાર કિંમત નકકી કરી શકાય.

નામ.સુપ્રીમ કોર્ટે ઠરાવ્યા મુજબ જો પ્રથમ પરીબળ યા ને પધ્ધતિ મુજબ એટલે કે, સરખામણીપાત્ર વેચાણોના આધારે જો જમીનની બજાર કિંમત નકકી થઈ શકે તેમ હોય તો બીજી કોઈ પધ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ નહિં. જો તે ગામનુ કોઈ વેચાણ ન હોય, તો બાજુના ગામના કલમ–૪ ના જાહેરનામા સમયના વેચાણોના આધારે બજાર કિંમત નકકી કરી શકાય. વધુમાં,એવો પણ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે, એ જ ગામનો કે બાજુના ગામના અગાઉ સંપાદિત થયેલ જમીનનો કોઈ એવોર્ડ હોય તો, બજાર કિંમત નકકી કરવા માટે તે સૌથી શ્રેષ્ઠ અને ભરોસાપાત્ર પુરાવો ગણાય. આમ, પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ સંપાદિત થયેલ જમીનની બજાર કિંમત નકકી કરવા માટે એ જ ગામ કે બાજુના ગામના અગાઉ થયેલ એવોર્ડ ઉપર આધાર રાખી જો બજાર કિંમત નકકી કરવામાં આવે તો યોગ્ય અને વ્યાજબી ગણાય.

૨૦. આ કામે સંપાદિત થયેલ જમીન ની બજાર કીમત નકકી કરતા પહેલા એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે આ કામે આંક ૩ થી રજુ થયેલ કલમ ૧૧ ના

એવોર્ડ ના જી પત્રક ના અનુક્રમ નંબર–૨ મુજબ એલ.એ.આર. ૦૧/૨૦૧૮ તથા એલ.એ.આર. ૦૨/૨૦૧૮ ની સંપાદીત થયેલ જમીન નુ કુલ ક્ષેત્રફળ ૩૦૬૩ ચો.મી. છે.ખાસ સંપાદન અધીકારી સા.કા. હિમતનગરનાઓ એ ઉપરોકત રેફરન્સ કેસો સાથે પરીશીષ્ટ–૬ રજુ કરેલ છે જેમા દાવો કરનાર ના નામો મા શેરબાનુ ગુલામનબી વડાલી વાળા વિગેરે તેમજ વલીભાઈ અમદાભાઈ પટેલ ના નામો લખેલ છે જયારે વિશેષ નોધ મા **આનુસંગિક તેમજ લેખિત કોઈ પુરાવા અરજદારો એ રજુ કરેલ નથી.** તે મતલબ નો ઉલ્લેખ કરેલ છે.તેમજ આ કામે રજુ થયેલ આંક ૩ નો કલમ ૧૧ નો ઠરાવ ધ્યાને લેવામા આવે તો પેરા ૧૩ મા પણ રેવેન્યુ રેકર્ડ ની ખાતરી કરતા કબ્જે દારો ના નામો સ્પષ્ટ થતા નથી જેથી એવોર્ડ ના **પત્રક જી** મા દર્શાવેલ નામો વાળા ખાતેદારો ની રકમ માટે અત્રેની અદાલત ને રેફરન્સ કરેલ છે.પરંતુ **જી પત્રક** ધ્યાને લેતા અન્ય બે કબ્જેદારો શાહ મલહાર મનોજભાઈ અને ભટટ મુકેશભાઈ ઈશ્વરભાઈ નુ નામ હોવાનુ રેકર્ડ પર આવેલ છે તથા અરજદાર તરફે આ કામે આંક ૬૪ થી રજુ થયેલ જમીન સંપાદન નિયમ સંગ્રહ ના ફકરા ૧૦૪ મા ઉલ્લેખેલ પત્રકો અને આંક ૬૫ થી રજુ થયેલ હિસ્સા ફોર્મ નંબર ૪ ના દસ્તાવેજ મા કબ્જેદાર તરીકે ગામના નમુના ૭/૧૨ મુજબ કબ્જેદાર હોવાનુ જણાવેલ છે. અને આ

કામના અરજદારે આંક ૫ થી વળતર બાબતે તકરાર ઉપસ્થિત કરેલ છે જે અત્રે ની કોર્ટ થી નિર્ણિત કરેલ છે. તેમજ એલ.એ.આર ૦૨/૨૦૧૮ ના કામે અરજદાર વલીભાઈ અમદાભાઈ પટેલ સંપાદીત થયેલ સર્વે નંબર ૫ પૈકીની કુલ ૧૦,૦૦૦/- ચો.ફૂટ જમીન નુ વળતર મેળવવા અરજી કરેલ છે. એલ.એ.આર ૦૨/૨૦૧૮ ના કામે અરજદાર વલીભાઈ અમદાભાઈ પટેલ ને અત્રે ની કોર્ટ થી આંક ૧૦ થી નોટીસ કરવામા આવેલ છે. જે નોટીસ ની તેઓને બજવણી થવા છતા આ કામે કોઈ પુરાવો આપેલ નથી.આમ એલ.એ.આર.નં.૧/૨૦૧૮ ના કામે સંપાદિત થયેલ જમીન પૈકી કઈ બાજુની ૧૦,૦૦૦ ચોરસ ફુટ જમીન એલ.એ.આર ૦૨/૨૦૧૮ ના અરજદાર વલીભાઈ અમદાભાઈ પટેલની માલિકીની છે તે દર્શાવતો રેવન્યુ રેકર્ડ નો કોઈ આધાર આ કામે રજુ થયેલ નથી.

૨૧. આ કામે અરજદાર તરફે નામ.ગુજરાત હાઈકોર્ટે ફર્સ્ટ અપીલ નં. ૧૧૮૦/૨૦૧૪ ના કામે તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજ આપેલ ન્યાયિક નિર્ણય રજુ કરેલ છે. જે ન્યાયિક નિર્ણયમાં મોતીપુરા ગામના સ.નં. ૧૪/૨ ની બીનખેતી લાયક જમીન સંપાદીત કરવામાં આવેલ. જેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે પ્રતિ ચો.મી.રુ.૧૩૫૦/- બજાર કિંમત નકકી કરેલ. **જે ચુકાદો આ કામે આંક-૮૭ થી રજુ રાખેલ છે.** જે જમીન મોતીપુરા,હિંમતનગર

તા.હિંમતનગરમાં આવેલ છે. અને આ કામે સંપાદીત થયેલ જમીન મોતીપુરા,હિંમતનગર ગામની છે અને તે હિંમતનગર મોતીપુરા ડાયવર્ઝન ના હેતુ માટે સંપાદિત કરવામાં આવેલ. તેવા સંજોગોમાં પ્રસ્થાપીત થયેલ સીધ્ધાંત પ્રમાણે બજાર કિંમત નકકી કરવા માટે એ જ ગામનો કે બાજુના ગામનો અગાઉ સંપાદીત થયેલ જમીનનો કોઈ એવોર્ડ હોય તો બજાર કિંમત નકકી કરવા માટે સૌથી શ્રેષ્ઠ અને ભરોસાપાત્ર પુરાવો ગણાય આમ, પ્રસ્થાપીત સિધ્ધાંત મુજબ સંપાદીત થયેલ જમીન બજાર કિંમત નકકી કરવા માટે બજાર કિંમત નકકી કરવા માટે એ જ ગામ કે અગાઉ થયેલ એવોર્ડ ઉપર આધાર રાખી જો બજાર કિંમત નકકી કરવામાં આવે તો યોગ્ય અને વ્યાજબી ગણાશે. **<u>સ્પેશ્યલ લેન્ડ એકવીઝીશન ઓફિસર ભરૂચ વિ. મોતીભાઈ મોહનભાઈ ૧૯૯૭(૨) જી.એલ.એચ. પાન નં. ૭૭૩</u>** માં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત મુજબ જમીન ની બજાર કિંમત નકકી કરતી વખતે સરખી પ્રકારની નજીકમાં આવેલ સંપાદીત જમીન અંગે ચુકવવામાં આવેલ વળતર ઘ્યાને લઈ શકાય. તેવા સંજોગોમાં નામ. ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્પેશ્યલ લેન્ડ એકવીઝીશન ઓફિસર ભરૂચ વિ. મોતીભાઈ મોહનભાઈ ૧૯૯૭(૨) જી.એલ.એચ. પાન નં. ૭૭૩ ના કિસ્સામાં આપવામાં આવેલ ચુકાદો અત્રે સુસંગત છે. તેવા સંજોગોમાં આંક.૮૭ના

ચુકાદામાં ઠરાવેલ બજાર કિંમત સ્પેશ્યલ લેન્ડ એકવીઝીશન ઓફિસર ભરૂચ વિ. મોતીભાઈ મોહનભાઈ ૧૯૯૭(૨) જી.એલ.એચ. પાન નં. ૭૭૩ વાળા ઉપરોકત ન્યાયીક નિર્ણય મુજબ હાલના કિસ્સામાં સુસંગત છે.

પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત મુજબ સંપાદીત થયેલ જમીનની કલમ-૪ ના જાહેરનામાના દિવસે શું બજાર કિંમત હતી તે લક્ષમાં લેવાની છે અને અગાઉ થયેલ એવોર્ડમાં કલમ-૪ ના જાહેરનામાની સ્થિતીએ દર વર્ષે ૧૦% ભાવમાં વધારો થાય તે લક્ષમાં લઈ બજાર કિંમત નકકી કરવી જોઈએ. હાલના કેસમાં કલમ-૪ નું જાહેરનામુ તારીખ: ૩૧.૦૫.૨૦૦૪ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. જયારે આ કામે આંક ૮૭ ના નામ.ગુજરાત હાઈકોર્ટે એવોર્ડમાં ઠરાવેલ મોતીપુરા,હિંમતનગરમાં સંપાદીત થયેલ જમીનનું કલમ-૪ નું જાહેરનામુ તારીખ ૧૩/૦૩/'૯૯ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. જેથી હાલના કેસનું જાહેરનામુ આશરે પાંચ વર્ષ બે માસ પછી બહાર પડેલ છે.જે બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે **III(2008) CLT Page No.317 Oil and natural gas corporation limited. V/S Rameshbhai Jivanbhai Patel & ANR.**ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ વર્ષે ૧૦% નો વિવર્ધિત દરે (cumulative rate) વધારો લક્ષમાં લેતા પાંચ વર્ષ અને બે માસની

તારીખે બજારકિંમત રૂા.૨૨૨૧/- (અંકે રૂપિયા બે હજાર બસો એકવીસ) પ્રતિ ચો.મી. નકકી થાય જે બજાર કિંમતમાંથી રૂા.૩૦/- (અંકે રૂપિયા ત્રીસ પુરા) બાદ કરી મારી સમક્ષના કેસમાં કલમ-૪ ના જાહેરનામાના દીવસે બજાર કિંમત પ્રતિ ચો.મી. ના રૂા.૨૨૨૧ - ૩૦ = રૂા.૨૧૯૧/- (અંકે રૂપિયા બે હજાર એકસો એકાણુ પુરા)બજાર કિંમત નકકી કરવામાં આવે તો વ્યાજબી જણાશે.

આમ નામદાર ગુજરાત હાઈકોર્ટે આંક-૮૭ થી રજુ થયેલ ન્યાયિક નિર્ણયમાં મોતીપુરા ગામની બિનખેતીની જમીનની રૂા.૧,૩૫૦/- (અંકે રૂપિયા એક હજાર ત્રણસો પચાસ પુરા) બજાર કિંમત નકકી કરેલ છે. જેમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વર્ષે ૧૦% નો વિવર્ધિત દરે (cumulative rate) વધારો લક્ષમાં લેતા હાલના કેસમાં પ્રતિ ચો.મી. ના રૂા.૨૨૨૧- રૂા.૩૦= રૂા.૨૧૯૧/-(અંકે રૂપિયા બેહજાર એકસો એકાણુ પુરા)બજાર કિંમત નકકી કરી તે મુજબ વધારાનું વળતર મેળવવા અરજદાર હકકદાર હોવાનું ઠરાવી મુદા નં. ૧ ના નિર્ણય અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે.

<u>એલ.એ.આર.નં.૦૧/૨૦૧૮ તથા એલ.એ.આર.નં.મુદા નંબર ૩ ની ચર્ચા :</u>

૨૨. સદરહું મુદા અંગે જોવાનું રહે છે કે, અરજદારની રેફરન્સ અરજી સમય

મર્યાદામાં છે કેમ? સદરહું લેન્ડ રેફરન્સ કેસમાં રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો તારીખ ૩૧.૦૩.૨૦૦૬ ના રોજ એવોર્ડ જાહેર કરવામાં આવેલ હોય અને તેની જાણ તારીખ ૧૦.૦૪.૨૦૦૭ ના રોજ થયેલ હોય જે હકીકતની વિરૂધ્ધમાં રેકર્ડમાં કોઈ પુરાવો આવેલ ન હોય જેથી સદરહું રેફરન્સ અરજી સમય મર્યાદામાં હોય ઉપરોકત મુદ્દાનો નિર્ણય હકારમાં ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::

૧. અરજદારોની હાલની જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ ની કલમ ૧૮ મુજબની રેફરન્સ અરજીઓ અંશત: ખર્ચ સહિત મંજુર કરવામાં આવે છે.

વધુ મા એવો હુકમ કરવામા આવે છે કે આંક ૩ થી રજુ થયેલ કલમ ૧૧ ના એવોર્ડ ના જી પત્રક ના અનુક્રમ નંબર-૨ મુજબ એલ.એ.આર. ૦૧/૨૦૧૮ તથા એલ.એ.આર. ૦૨/૨૦૧૮ ના કબજેદારોની સંપાદીત થયેલ જમીન નુ કુલ ક્ષેત્રફળ ૩૦૬૩ ચો.મી. હોય જેથી બંને રેફરન્સ કેસો નો તે રીતે સંયુકત હુકમ કરવામા આવે છે.

૨. આ કામના અરજદારોને ચુકવવામાં આવેલ વળતર ઉપરાંત પ્રતિ ચો.મી. ના રૂપિયા ૨૧૯૧/- (અંકે રૂપિયા બે હજાર એકસો એકાણુ પુરા) વધારાના વળતર તરીકે ચુકવવાનો સામાવાળાને હુકમ કરવામાં આવે છે.

૩. જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ ૨૩ (૧)(અ) ની જોગવાઈઓ અનુસાર વધારાના વળતર ઉપરાંત સંપાદીત જમીન અંગેના કલમ–૪ ના જાહેરનામાની તારીખથી એવોર્ડ તારીખ સુધીના સમય માટે ૧૨% પ્રમાણે ભાવ વધારો ચુકવવાનો સામાવાળાઓને હુકમ કરવામાં આવે છે.

૪. જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ ની કલમ ૨૩(૨) ની જોગવાઈ અનુસાર જમીનની વધારાની વળતરની રકમ ઉપર ૩૦ ટકા લેખે થતી રકમ અરજદારોને દિલાશા વળતર તરીકે ચુકવવાનો સામાવાળાને હુકમ કરવામાં આવે છે.

૫. જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ ૨૮ ની જોગવાઈ અનુસાર કબજો લીધા ની તારીખ થી પ્રથમ વર્ષ માટે ૯% લેખે અને ત્યારબાદ જયાં સુધી ચુકવવા પાત્ર રકમ પુરેપુરી ચુકવાય નહી ત્યાં સુધી વાર્ષીક ૧૫% ના દરે વ્યાજ અરજદારોને ચુકવવાનો સામાવાળાઓને હુકમ કરવામાં આવે છે.

૬. કાર્યાલયે અરજદારોને મળવાપાત્ર વળતરની રકમનો પરિશિષ્ટ બનાવવું જે ઠરાવનો ભાગ ગણાશે.

૭. અરજદારો હાલની રેફરન્સ અરજી ઉપર ધી ગુજરાત કોર્ટ ફી એકટ–૨૦૦૪ (એમેન્ડેડ) ની કલમ–૪ માં જોગવાઈ કર્યા મુજબ શીડયુલ–૧ના

આર્ટીકલ–૧૫ મુજબ ભરવાપાત્ર કોર્ટ ફી ની રકમ ના ૧૦ ટકા નિયમ મુજબ ભરવા જવાબદાર થશે.

૮. આ ઠરાવની એક એક નકલ આ ગ્રુપના દરેક લેન્ડ રેફરન્સ કેસમાં સામેલ રાખવી.

૯. સામાવાળાએ પોતાનો ખર્ચ પોતે ભોગવવુ તથા અરજદારોને પ્રમાણભુત ખર્ચ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

૧૦. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૨૮મી માહે નવેમ્બર, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : હિંમતનગર
તારીખ : ૨૮.૧૧.૨૦૧૮

(ઈબ્રાહીમબીન અબ્દુલશમદ શેખ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
સા. કાં. – હિંમતનગર.
જજ કોડ નંબર જીજે૦૦૫૬૭